# પોલીએના

મિસ પોલી હેરિંગ્ટન ઉતાવળે પગલે રસોડામાં દાખલ થઈ. આમ તો મિસ પોલી ઉતાવળે કામ કરે એવી નહોતી ને એ બાબતનું તો એને ખાસ અભિમાન પણ હતું કે પોતે બધું કામ કેવી સ્વસ્થતાથી કરી શકે છે; પણ આજે તો એ ખરેખર જ ઉતાવળમાં લાગી.

નેન્સીએ રકાબીઓ ધોતાં-ધોતાં એમના તરફ આશ્ચર્ય પામી જોયું. નેન્સી બે મહિનાથી જ કામ કરવા રહી હતી, તોય એને ખબર પડી ગઈ હતી કે એની શેઠાણી આમ રઘવાટ કરે એવી ન હતી.

“નેન્સી!”

“જી,” નેન્સીએ પ્રફુલ્લતાથી કહ્યું, પણ એણે હાથમાંનું જગ લૂછવાનું તો ચાલુ જ રાખ્યું.

“નેન્સી” મિસ પોલીએ સખત અવાજે કહ્યું. “જ્યારે હું તારી સાથે વાત કરતી હોઉં ત્યારે હું ઇચ્છું છું કે તારે હું કહું એ સાંભળવું ને બીજું કામ કરવાનું બંધ રાખવું.”

નેન્સીનું મોં લાલ થઈ ગયું ને એણે જગ ટેબલ પર મૂક્યો, જે ઉતાવળમાં ગબડતો રહી ગયો.

“હાજી, હું સાંભળું છું.” નેન્સીએ ગભરાઈ જઈ કહ્યું, “તમે જ સવારે કહેલું ને કે મારે જલદી-જલદી વાસણો ધોઈ નાખવાં.”

એની શેઠાણીએ ભવાં ચઢાવ્યાં.

“બસ, બસ. મેં કારણ નહોતું પૂછ્યું. મેં તને ફક્ત મારી વાત સાંભળવાનું જ કહ્યું હતું.”

"જી, મૅડમ." નેન્સીએ નિઃશ્વાસ નાખ્યો. એને વિચાર આવ્યો કે આ સ્ત્રીને એ કોઈ પણ રીતે ખુશ કરી શકશે ખરી? નેન્સીએ કોઈ દિવસ નોકરી કરી ન હતી, પણ બાપ મરી ગયા પછી માંદી મા ને ત્રણ નાનાં ભાઈ-બહેનોને ઉછેરવા માટે એને બહારનું કામ કરવાની ફરજ પડેલી. એને જ્યારે આવા મોટા ઘરમાં રસોડાનું કામ મળ્યું ત્યારે એ ખૂબ ખુશ થઈ ગયેલી. મોટા હેરિંગ્ટન ઘરની ફક્ત શેઠાણી તરીકે જ એ મિસ પોલીને ઓળખતી હતી, ને મિસ પોલી શહેરની સૌથી પૈસાદાર કુટુંબોમાંની એક છે એમ જાણતી હતી, પણ એ તો બે મહિના પહેલાંની વાત હતી. હવે તો મિસ પોલીને એ એક સખત ને કઠોર હૃદયની સ્ત્રી તરીકે ઓળખતી થઈ હતી. એના મોં પર એણે ક્યારેય સ્મિત ફરકતું જોયું ન હતું.

"જ્યારે તું અત્યારનું કામ કરી લે, નેન્સી..." મિસ પોલીએ કહ્યું, "ત્યારે આપણા માળિયા પરનો નાનો રૂમ સાફ કરી નાખજે ને એક પથારી કરી રાખજે. અંદર પેટીઓ પડેલી છે તે બધી બહાર કાઢી નાખજે."

"સારું, મૅડમ, એ બધી ટ્રંકો ક્યાં મૂકું?"

"આગળના માળિયામાં મૂકજે." મિસ પોલીએ જરા અચકાતાં કહ્યું, "તને અત્યારથી જણાવી દઉં છું કે મારી ભાણેજ મિસ પોલીએના વ્હિટીઅર અહીં રહેવા આવવાની છે. એ અગિયાર વર્ષની છે ને તે એ રૂમમાં સૂશે."

"એક નાની છોકરી અહીં રહેવા આવવાની છે, મિસ હેરિંગ્ટન? ત્યારે તો મઝા પડશે, નહીં?" નેન્સીએ ખુશ થઈ કહ્યું. એની નાની બહેનોથી ઘરમાં કેવો આનંદ ઊભરાતો હતો તે એને યાદ આવ્યું.

"મઝા? એમ તો મને નથી લાગતું, તોય હું બનતો પ્રયત્ન કરીશ. હું સંસ્કારી સ્ત્રી છું ને મારી ફરજ બરોબર સમજું છું."

નેન્સીનું મોં લાલઘૂમ થઈ ગયું.

"હાસ્તો, મૅડમ. મને તો થયું કે એક નાની છોકરીથી ઘરમાં ઘણો ઉલ્લાસ આવશે, ખાસ કરીને તમને."

"આભાર." મિસ પોલીએ શુષ્ક અવાજે કહ્યું, "હું એની જરૂરિયાત અત્યારે તો જોતી નથી."

"પણ તમારી બહેનની છોકરી છે, એટલે તમને ગમશે તો ખરું જ ને?"

નેન્સીએ કહ્યું. એને અંદરખાનેથી પેલી અજાણી એકલવાયી છોકરી માટે લાગણી થવા માંડી.

મિસ પોલીએ ઊંચે સ્વરે કહ્યું, "જો નેન્સી, એ મારી બહેન હતી ને એણે પરણવાની બેવકૂફી કરીને ન જોઈતાં છોકરાંઓને જન્મ આપ્યો, તેટલા માટે શું મારે એનાં છોકરાંને ઉછેરવાનાં? તોય મેં પહેલાં કહ્યું છે તેમ હું મારી ફરજ સમજું છું. ખૂણાઓ બરોબર સાફ થાય એ ધ્યાનમાં રાખજે." મિસ પોલીએ જતાં-જતાં કઠોર અવાજે કહ્યું.

"સારું, મૅડમ." નેન્સીએ નિઃશ્વાસ મૂકી કહ્યું.

મિસ પોલીએ પોતાના ઓરડામાં જઈ ફરીથી બે દિવસ પર આવેલો કાગળ વાંચવા માંડ્યો. એ કાગળ કોઈ આઘેના શહેરમાંથી આવેલો.

"વહાલાં બાનુ,

તમને જણાવતાં દિલગીરી થાય છે કે રેવરંડ જહૉન વ્હિટીઅર બે અઠવાડિયાં પહેલાં મરણ પામ્યા છે. એમની પાછળ એ એક અગિયાર વરસની બાળકી મૂકતા ગયા છે. થોડી ચોપડીઓ સિવાય એ બીજી કંઈ મિલકત મૂકી નથી ગયા, કેમ કે એ અહીંના નાનકડા ચર્ચના પાદરી હતા ને એમનો પગાર બહુ થોડો હતો.

હું ધારું છું કે એ તમારા બનેવી હતા, પણ એમના કહેવા પરથી લાગતું હતું કે તમારા કુટુંબ સાથે એમને મનમેળ નહોતો; પણ તમારાં બહેનની ખાતર તમે આ બાળકીને રાખશો ને તમારા કુટુંબમાં એને ઉછેરશો એવું એમનું ધારવું હતું. એટલા માટે હું આ કાગળ તમને લખું છું.

તમને આ કાગળ મળશે ત્યાં સુધીમાં તમારી ભાણેજ ત્યાં આવવા તૈયાર થઈ રહેશે. જો તમે એને રાખવા માટે તૈયાર હો તો કૃપા કરી એ તરત જ ત્યાં આવી શકે એમ લખજો, કેમ કે અહીંથી એને માટે એક સંગાથ છે. અલબત્ત, એના આવવાનો દિવસ ને ટ્રેનનો ટાઇમ તમને લખી જણાવવામાં આવશે.

તમારા તરફથી સંમતિનો જવાબ આવશે એવી આશા રાખું છું.

*આપનો,*
*જેરેમિયા વ્હાઇટ*

મિસ પોલીએ કાગળ વાળી કવરમાં પાછો મૂક્યો. એના મોં પર અણગમો આવી ગયો. એણે પહેલે દિવસે જ કાગળનો જવાબ લખ્યો હતો. એણે લખેલું કે અલબત્ત, એ એની ભાણેજને રાખશે ભલે વાત અણગમતી હોય તોય, કેમ કે એ પોતે પોતાની ફરજ શી છે તે બરાબર સમજે છે.

એને આ બાળકીની મા – પોતાની બહેન જેની યાદ આવી. જેની વીસ વર્ષની હતી ત્યારે એણે પોતાના કુટુંબની ઇચ્છા વિરુદ્ધ ત્યાંના એક પાદરીને પરણવાની હઠ લીધેલી. એક ધનવાન કુટુંબના પુરુષે જેનીને પરણવાની ઇચ્છા વ્યકત કરેલી. જેનીના ઘરનાં બધાંની મરજી પણ એની સાથે લગન થાય એમ હતી, પણ જેનીની મરજી નહોતી. પેલા પુરુષની જેમ વય વધારે હતી તેમ પૈસા પણ ઘણા વધારે હતા, ત્યારે આ પાદરી યુવાન વયનો, યુવાનીનાં સ્વપ્નમાં રાચતો, ખૂબ ઉત્સાહી ને ખૂબ પ્રેમાળ હૃદયનો હતો. એટલે એણે પેલા યુવાન પણ ગરીબ પાદરીની જ સ્ત્રી બનવાનું પસંદ કર્યું ને એને પરણી એ દક્ષિણ તરફના કોઈ નાના શહેરમાં રહેવા ચાલી ગઈ.

મિસ પોલીની ઉંમર તે વખતે પંદર વર્ષની હતી. એને એ બનાવ બરોબર યાદ હતો. એના કુટુંબે જેની સાથેનો સંબંધ તદ્દન તોડી નાખ્યો હતો. જેનીએ શરૂઆતમાં તો કાગળો લખ્યા, પણ પછી એનો છેલ્લો કાગળ આવ્યો તેમાં એની દીકરીનું નામ પોલીએના પાડ્યું હતું એમ લખેલું. એ નામ એણે એની બીજી બે દીકરીઓ પોલી ને એના, જે ગુજરી ગયેલી તેનાં નામો ભેગાં કરી પાડેલું છે એમ લખેલું. તે પછી જેનીના કોઈ સમાચાર આવ્યા નહીં, પણ થોડાં વર્ષો પછી એના વરના તરફથી ખબર આવ્યા કે જેની ગુજરી ગઈ છે.

મિસ પોલીને એ બધી વાતો યાદ આવી. એના પોતાના ઘરમાંય ઘણા ફેરફારો થયા હતા. મા, બાપ, બહેનો, બધાં મરણ પામ્યાં હતાં. વર્ષોથી એ એકલી જ આવડા મોટા ઘરની માલિક હતી. ઘણા માણસો એના આવા એકલવાયા જીવનની એના મોં પર જ દયા ખાતા ને કોઈ કમ્પેનિયન રાખવા સલાહ આપતા, પણ એણે તો એ બધાની સાફ ના જ કહેલી. એ કંઈ એકલવાયી નહોતી. એને તો એકલાં જ રહેવું ગમતું હતું. એને શાંતિ જોઈતી હતી, પણ હવે...

મિસ પોલી જરા ગુસ્સામાં ઊઠી. પોતે સારી સ્ત્રી હતી ને પોતાની ફરજ બરોબર સમજીને બજાવવા જેટલું મનોબળ પણ ધરાવતી હતી એનો એને સંતોષ હતો. પણ પોલીએના! એ તે કેવું વિચિત્ર નામ!

ઉપરનું માળિયું નેન્સી ખૂબ જોરજોરથી ઘસીઘસીને સાફ કરી રહી હતી. ખાસ કરીને ખૂણાઓ પર વધારે ધ્યાન આપતી હતી. ઘણી વાર નેન્સી એના કામમાં જે જોર વાપરતી તે ધૂળ સાફ કરવા માટે નહીં, પણ પોતાની લાગણીઓને વહેતી મૂકવા માટે હોય એમ લાગતું. નેન્સી ભલે એની શેઠાણીથી બી જઈને દબાયેલી હોય, પણ એ કંઈ સાધુસંત તો નહોતી જ.

"કોઈ વાર મને થાય છે કે એના હૃદયના ખૂણાઓને આમ જ સાફ કરી નાખું." નેન્સી દાંત પીસીને બબડી, "મને ખાતરી છે કે ઘણા એવા ખૂણાઓ સાફ કરવાના નીકળશે. એક નાની છોકરીને આવા માળિયામાં સુવાડવી, જ્યાં શિયાળામાં તાપવા માટે સઘડી પણ ના હોય, એ તે કેવું કહેવાય? આવડા મોટા ઘરમાંથી છેક આવો જ રૂમ પસંદ કરવાનો? 'ન જોઈતાં છોકરાંઓ!' જરૂર,!"

થોડી વાર શાંતિથી કામ કર્યા પછી નેન્સી એ ખાલી ઓરડા તરફ જોઈ રહી.

"ગમે તેમ, મારું કામ તો થઈ ગયું. હવે અહીં ધૂળ પણ નથી, તેમ બીજુંય કશું નથી. વાહ, એક બિચારી અનાથ છોકરીને રાખવાની જગ્યા તો સારી છે!" એમ કહી જોરથી બારણું અફાળી નેન્સી બહાર જતી રહી.

તે દિવસે સાંજે નેન્સી માળીનું કામ કરતા ટૉમની સાથે વાત કરવા ઊભી રહી.

"મિ. ટૉમ, તમને ખબર છે, અહીં એક નાની છોકરી રહેવા આવવાની છે?"

"એક! શું?" માળીએ પોતાની વાંકી કમ્મરને માંડમાંડ સીધી કરતાં પૂછ્યું.

"એક નાની છોકરી, મિસ પોલી સાથે રહેવા."

"તું તારે મશ્કરી કર્યા કર ને!" ટૉમે અવિશ્વાસથી કહ્યું, "એમ કેમ નથી કહેતી કે કાલે સૂરજ પૂર્વમાં આથમવાનો છે?"

"પણ હું ખરું કહું છું, એમણે પોતે જ મને કહ્યું છે." નેન્સીએ કહ્યું, "એ એમની ભાણેજ છે અને અગિયાર વર્ષની છે."